






મા આદ્યશક્તિની આરાધનાનું પર્વ-નવરાત્રી હવે પુરબહારમાં છે. ૨જી ઓક્ટોબરે પૂજ્ય મહાત્મા ગાંધી બાપુની જન્મ જયંતીએ સિંગલ યુઝ પ્લાસ્ટિકથી મુક્ત ગાંધીનગર કલ્ચરલ ફોરમની નવરાત્રીમાં ચોથા નોરતાની ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી.. ગુજરાતી ફિલ્મોના જાજરમાન અભિનેત્રી રોમા માણેક પણ ગાંધીનગરના ખેલૈયાઓ સાથે ગરબે ઘૂમ્યા હતા.. ગાંધીનગર અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટીના પૂર્વ અધ્યક્ષ આશિષભાઈ દવે, ગાંધીનગર નાગરિક કો.ઓ.બેન્કના ચેરમેન એલ. કે. વાઘેલા, ગાંધીનગર વસાહત મહાસંઘના પ્રમુખ કેશરીસિંહ બિહોલા, પેન્શનર સમાજના પ્રમુખ ડાહ્યાભાઈ પ્રજાપતિ, જુનિયર સિટીઝન્સ કાઉન્સિલના પ્રમુખ બિનેશભાઈ વસાવડા, ભારતીય જનતા પાર્ટીના અગ્રણી હિતેશભાઈ મકવાણા અને ગાંધીનગરના આગેવાનોએ માતાજીની આરતી ઉતારી હતી.. ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતને જાહેરમાં શૌચક્રિયાથી સંપૂર્ણ મુકત જાહેર કર્યું, એ પ્રતિ ગાંધીનગર વતી આભારની લાગણી વ્યક્ત કરવામાં આવી હતી અને ગાંધીનગર કલ્ચરલ ફોરમે પણ સ્વચ્છતા ઝુંબેશમાં સહભાગી થઈને સ્વચ્છતા અંગેની જાગૃતિ પ્રસરાવવાની પ્રતિબધ્ધતા વ્યક્ત કરી હતી... રંગબેરંગી વસ્ત્રોમાં શોભતા ખેલૈયાઓના ઉર્જાસભર નર્તનથી આંગણું દીપી ઉઠ્યું હતું...

# દહેગામ જીઆઈડીસી વિસ્તારમાંથી નકલી ઘી બનાવતી ફેકટરી પકડાઈ

ગાંધીનગર, તા.૩

તહેવારોની સિઝન ચાલી રહી છે ત્યારે બિન આરોગ્યપ્રદ ખારોકની હાટડીઓ ધમધમી રહી હોય છે. તેવી સ્થિતિમાં ગાંધીનગર એલસીબી-૨ પોલીસની ટીમે દહેગામ જીઆઈડીસી વિસ્તારમાંથી નકલી ઘી બનાવતી ફેકટરી પકડી પાડી છે. પોલીસે ગોડાઉનમાં તપાસ કરીને નકલી ઘી બનાવવાની સામગ્રી અને નકલી ઘી નો રૂ.૧,૫૭,૧૭૦ નો જથ્થો તપાસ અર્થે કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જયારે એફએસએલ અને ફુડ સેફટી અધિકારીઓએ જુદા જુદા ૭૮સેમ્પલ તપાસ અર્થે એફએસએલ મોકલી આપવામા આવ્યા છે.



પોલીસ પાસેથી મળતી વિગત મુજબ નાગરીકોના આરોગ્ય અને સ્વાસ્થયને લઈને તહેવારના દિવસોમાં નકલી ખાદ્ય પદાર્થોનું વેચાણ અટકાવીને વેચાણ કરતા ઈસમોને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરવા જિલ્લા પોલીસ વડાએ સુચના આપી હતી. જેને પગલે ગાંધીનગર એલસીબી પીઆઈ વાય.જે.રાઠોડના માર્ગદર્શન હેઠળની ટીમના સભ્યો પીએસઆઈ પી.ડી.વાઘેલા તેમજ ટીમના સભ્યો દહેગામ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે સમયે હે.કો.મહિપાલસિંહ પ્રવિણસિંહને ખાનગી રાહે ચોક્કસ બાતમી મળી હતી કે દહેગામ જીઆઈડીસીમાં આવેલા પ્લોટ નં. ૬૦૯ ખાતેની ફેકટરીમાં ડુપ્લીકેટ ઘી બનાવવાનું કારખાનું ચાલે છે. જેને પગલે બાતમીવાળી જગ્યાએ જઈ તપાસ કરત ાઆ જગ્યાએ રાકેશભાઈ ધીરજલાલ આચાર્ય (રહે. બ્લોક નં. જી.૧૦૫ સીટી સેન્ટર ફલેટ નરોડા અમદાવાદ)ને વનસ્પિત ઘી, સોયાબીન, પામોલીન તેલ, ક્રીમ વગેરે ચીજવસ્તુઓ મીક્ષ કરીને ડુપ્લીકેટ ઘી બનાવવાની પ્રોસેસ કરતો જથ્થો મળી આવ્યો હતો. જેને પગલે સ્થળ પર જ એફએસએલના અધિકારી, તેમજ ફુડ સેફટી અધિકારીને બોલાવી કાયેદસરની કાર્યવાહી હાથ ધરાઈ હતી. નકલી ઘી ની ફેકટરીમાંથી મોટા પ્રમાણમાં રૂ. ૧,૫૭,૧૭૦ નો જથ્થો તપાસ અર્થે કબ્જે લેવામાં આવ્યો હતો. ઉપરાંત આ ગોડાઉનમાંથી એફએસએલ અને ફુડ એન્ડ ડ્રગ્સના અધિકારીઓએ જુદા જુદા ૭૮ સેમ્પલ તપાસ માટે કબ્જે કરી તપાસ માટે એફએસએલ મોકલી આપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ છે.

# સેક્ટર-૨ માં ડેન્ગ્યુ સહિતના રોગચાળાનુ પ્રમાણ વધ્યુ

**સેક્ટરમાં ફોગીંગ-દવાનો છંટકાવ જરૂરી બન્યો : સ્વામિનારાયણ મંદિર પાસેનો ૧૦ ફૂટનો ખાડો હજુ યથાવત : વધી ગયેલી ડાળીઓના કારણે સ્ટ્રીટલાઈટો ખોવાઈ ગઈ : ઠેર ઠેર પાણીના ભરાવાની અને પ્લાસ્ટિકના કચરા સહિત દબાણોની સમસ્યા : જાગૃતિ નાગરિકોની અનેક ફરિયાદો છતાં તંત્રની ઉપેક્ષાથી રોષની લાગણી**

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગરના સેક્ટર-૨માં વરસાદી પાણીના ભરાવા સાથે માખી-મચ્છરનો ઉપદ્રવ વધવાને પગલે ડેન્ગ્યુ સહિતના રોગોએ ભરડો લીધો છે. સેક્ટરમાં સ્વામિનારાયણ મંદિર નજીક છેલ્લા કેટલાય દિવસથી ગટર બ્લોક થતા પેવરમેક સાથે પહેલો ૧૦ફુટનો જોખમી ખાડો હજુ યથાવત છે. સેક્ટરમાં દબાણની વધતી સમસ્યા અંગે રહીશોની રજૂઆતો તંત્રના બહેરાં કાને અથડાઈ પરત ફરી રહી છે, માર્ગોપરની સ્ટ્રીટલાઈટોના થાંભલા વૃક્ષોની વધી ગયેલી ડાળીઓમાં ખોવાઈ ગયાં છે તથા સ્વચ્છતા જાળવણી પ્રત્યે નાગરિકોમાં જાગૃતિનો અભાવ હોવાને પગલે ઠેર ઠેર પ્લાસ્ટિક સહિતનો કચરો જોવા મળી રહ્યો છે. સેક્ટરની આ દુર્દશા નિહાળી સ્થાનિક વરિષ્ઠ રહીશોનો જીવ બળી રહ્યો છે અને સત્વરે તંત્ર દ્વારા આ સમસ્યાઓનું નિરાકરણ હાથ ધરાય તેવી સેક્ટરવાસીઓમાં માંગ પ્રવત્તી રહી છે.

સેક્ટરના જાગૃત વડિલો દ્વારા વધી રહેલા ડેન્ગ્યુના કેસો સહિતના રોગચાળા અંગે નગર સેવકોથી માંડીને વહીવટીતંત્રને જાણ કરવા છતાં દવાનો છંટકાવ કે ફોગીંગ કરવામાં નથી આવી રહ્યું. સેક્ટરમાં અનેક સ્થળે વરસાદી પાણીનો ભરાવો થવા પામ્યો છે તેમજ આશરે ૧૦ ફૂટનો જોખણી ખાડો અખબારોમાં ચમકવા છતાં હજુ યથાવત હોવાથી નાગરિકોમાં રોષની લાગણી પ્રવત્તી રહી છે. વધતા જતા ગેરકાયદેસર દબાણો અંગે છ મહિનાથી રજૂઆતો કરવા છતાં કોઈ પગલાં ભરાતા નથી તેવો આક્ષેપ પણ જાગૃત વડિલો દ્વારા કરવામાં આવ્યો છે. સેક્ટરમાં સ્ટ્રીટલાઈટો ઝાડની ડાળીઓ વધી જવાને પગલે અંદર જતી રહી હોવાથી માર્ગો પર અંધકારનું સામ્રાજ્ય છવાયુ છે જેને કારણે નવરાત્રીમાં બાળકો-મહિલાઓને તકલીફ પડી રહી છે. જેથી આ ડાળીઓનું સત્વરે ટ્રીમીંગ જરૂરી જણાય છે. વધતા જતા મચ્છરોના ઉપદ્રવ નાથવા દવાનો છંટકાવ કે ફોગીંગ ઝડપથી કરવા પણ નાગરિકોમાં માંગ પ્રવર્તી રહી છે. સેક્ટરમાં પાન-મસાલામાં વપરાતા પ્લાસ્ટિક સાથે કચરાનું પ્રમાણ વધતુ જઈ રહ્યું છે તે માટે દંડનાત્મક કાર્યવાહી હાથ ધરાય તેવી માંગ પણ જાગૃત વડિલો દ્વારા કરવામાં આવી રહી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે સેક્ટરના જાગૃત વડિલો દ્વારા અનેકવાર વૃક્ષારોપણ સહિતની સેવાકીય પ્રવૃત્તિઓ તથા સેક્ટરના પ્રશ્નો ઉકેલવા પ્રત્યે જાગૃતતા ફાળવવામાં આવે છે. આ વડિલોમાં પ્રમોદ દવે, સત્યનારાયણ ઝાલા, નરેન્દ્ર ભાવસાર, જરદોશભાઈ, ગોરધનભાઈ, છાપાભાઈ, સોમાભાઈ, સી.ડી. પટેલ, પંડિતભાઈ, શેઠભાઈ સહિત અન્યોનો સમાવેશ થાય છે.




## સે. ૨૩ના ગરબામાં યોજાઈ ''દાંડી-યાત્રા''..!!

આ વર્ષે યોગાનુયોગ ફરી એકવાર ગાંધી જયંતિ નવરાત્રીના પર્વ દરમ્યાન આવી હતી જેને નાગરિકોએ ગરબા દરમ્યાન સાંકળી લઈને ઉજવી પૂ. બાપુ પ્રત્યેનો પ્રેમ અને આદર વ્યક્ત કર્યો હતો. ગાંધીનગરના સેક્ટર-૨૩ ખાતે ખાનગી વસાહતમાં પણ નવરાત્રીના ગરબા દરમ્યાન બાળકોએ મહાત્મા ગાંધીજી સહિતની વેશભૂષા સાથે 'દાંડી યાત્રા'નું દશ્ય ઉભુ કર્યુ હતુ અને પોતાના પ્યારા ''બાપુ''ને સાચા હૃદયથી યાદ કર્યા હતા.

# ઈસનપુર મોટા પ્રાથમિક શાળામાં મહાત્મા ગાંધીની જન્મ જયંતિની ઉજવણી કરાઈ

ચિલોડા, તા. ૨

૨જી ઓક્ટો.૨૦૧૯ના રોજ મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણીના ભાગરૂપે ઈસનપુર મોટા સ્થિત શ્રીમતી શાંતાબેન વિષ્ણુભાઈ પટેલ પ્રાથમિક શાળામાં આ પ્રસંગે શાળાના વિદ્યાર્થીઓએ ચિત્ર સ્પર્ધા તથા નિબંધ સ્પર્ધામાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં વિજેતા વિદ્યાર્થીઓને મુખ્ય મહેમાન રામચંદ્રભાઈ જી. પટેલ, રમેશભાઈ બી. પટેલ તથા ઝીલુસિંહ બિહોલાએ વિવિધ પ્રાસંગિક પ્રવચનો દ્વારા વિદ્યાર્થીઓને માહિતીગાર કરી પ્રોત્સાહન ઈનામો આપ્યા હતા.

આ પ્રસંગે રામચંદ્ર પટેલે પ્રાસંગિક પ્રવચનમાં ગાંધીજીના બાળપણના પ્રસંગો વર્ણવી બાળકોને નિર્ભય બનવાની શીખ આપી હતી.

રમેશભાઈ પટેલે ગાંધીજીના અપરિગૃહ વ્રતનુ વર્ણન કરી જરૂર મુજબ પાણીનો વપરાશ કરવા અનુરોધ કર્યો હતો. ઝીલુસિંહ બિહોલાએ ગાંધીજીના અગિયાર વ્રતોનું વર્ણન કરી વિદ્યાર્થીઓને સત્ય અહિંસા, સર્વધર્મ સમભાવના કેળવવા અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિ વર્ધાની હિન્દી પરીક્ષાઓને વિજેતા પ્રમાણપત્રો આપી પ્રોત્સાહન પુરૂ પાડ્યુ હતુ. અંતમાં કાર્યક્રમની આભારવિધિ શાળાના આચાર્ય કિરણભાઈ પટેલે કરી હતી.

# સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ દ્વારા ગરબા સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૩

સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખના પ્રમુખ ચંદ્રિકાબેન રાવલના નેજા હેઠળ ત્રીજા નોરતે બ્રહ્મસમાજની બહેનો માટે ગરબા સ્પર્ધા યોજાઈ હતી. જેમાં ૩૦૦થી વધુ બ્રહ્મ



બહેનોએ ભાગ લીધો હતો.

બ્રહ્મસમાજ મહિલા પાંખ દ્વારા સે. ૧૬ સ્થિત સચ્ચિદાનંદ બ્રહ્મભવન ખાતે ગરબાનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં વયજૂથ પ્રમાણે પાંચ ગ્રુપ મુજબ બહેનોને ગરબે રમાડવામાં આવી હતી. ભાગ લેનાર દરેક બહેનોને ટોકન લાણી આપવામાં આવી હતી. પાંચેય ગ્રુપમાંથી પ્રથમ પાંચ વિજેતાઓને ઈનામ આપવામાં આવ્યા હતા.

સ્પર્ધામાં વિજેતા બહેનોમાં ૧૬ થી ૩૦ વયની વયજૂથમાં પ્રથમ ક્રમે મિનાબેન શુકલ, ૩૧ થી ૪૫ની વયજૂથમાં પ્રથમ ક્રમે મોરલીબેન જોષી, ૪૬ થી ૫૫ની વયજૂથમાં પ્રથમ ક્રમે ફાલ્ગુનીબેન પુરોહિત, ૫૬ થી ઉપરની વયજૂથમાં પ્રથમ ક્રમે પુનિતાબેન જોષી જ્યારે બ્રહ્મસમાજ મહિલા પાંખની કારોબારીની સ્પર્ધામાં પ્રથમ ક્રમે નિલુબેન દવે વિજેતા બન્યા હતા.

આ સ્પર્ધામાં અંજલીબેન પુરોહિત, વર્ષાબેન શુકલ, મનિષાબેન ત્રિવેદી, શર્મિષ્ઠાબેન દવે, ડૉ. ચેતનાબેન બુચ, મીનળબેન ઓઝા, દક્ષાબેન જાદવ, દામિનીબેન અને નીતાબેન દેસાઈ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

સ્પર્ધામાં નિર્ણાયક તરીકે મમતાબેન રાવલ અને વૈશાલીબેન જોષીએ સેવા આપી હતી.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રમુખ ચંદ્રિકાબેન રાવલ અને જ્ઞાનદેવીબેન ઉપાધ્યાય દ્વારા તથા સ્વાગત પ્રવચન ચંદ્રિકાબેન રાવલ દ્વારા કરવામાં આવ્યુ હતુ.

સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા સંસ્થાના હોદેદારો તથા કારોબારી સભ્યોનો વિશેષ ફાળો રહ્યો હતો.

# લીંબડીયા પ્રાથમિક શાળા ખાતે પ્લાસ્ટિકને તિલાંજલી કાર્યક્રમ યોજાયો

ચિલોડા, તા. ૨

ગાંધીનગર તાલુકાની લીંબડીયા પ્રાથમિક શાળામાં મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતિ ઉજવણી અંતર્ગત નરસિંહ મહેતા રચિત 'વૈષ્ણવ જન તો તેને કહીએ' ગાંધીજીનું પ્રિય ભજનનું સામુહિક ગાન બાળકોએ કર્યુ હતુ. ત્યારબાદ 'પ્લાસ્ટિક મુક્ત ભારત અભિયાનને વેગવાન બનાવવા પ્લાસ્ટિકને તિલાંજલી તથા પૂજ્ય બાપુને શ્રદ્ધાંજલિ રૂપે ગામમાં જનજાગૃતિ રેલી યોજાઈ હતી. હાલમાં સીંગલ યુઝ પ્લાસ્ટિક ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. પરિણામરૂપે લીંબડીયા પ્રાથમિક શાળાના આચાર્ય શ્રીમતી નિરંજનાબેન પટેલ દ્વારા ગામના નાગરિકો તેમજ આગેવાનોની ઉપસ્થિતિમાં લીંબડીયા ગ્રામ પંચાયતમાં પ્લાસ્ટિક મુક્ત ભારતનો સંકલ્પ લેવડાવી સાચા અર્થમાં પૂજ્ય ગાંધી બાપુને શ્રદ્ધાંજલિ અર્પી હતી. આ પ્રસંગે ગામના સરપંચ હર્ષદભાઈ પટેલ તથા તલાટી કમ મંત્રી હાજર રહ્યા હતા.

# બિન અનામત વર્ગના આર્થિક પછાત ઉમેદવારોને ૧૦ ટકા અનામત છતાં અન્યાય..!!!

## દસ ટકા ઈડબલ્યુએસના ગુજરાતમાં ભૂલ ભરેલા અમલીકરણના આક્ષેપ સાથે મહિલા અધિકાર માટે કાર્યરત અમૃત પટેલના પ્રતિક ઉપવાસ

ગાંધીનગર, તા. ૩

તાજેતરમાં મોદી સરકાર-૨ દ્વારા સંસદમાં ખરડો પાસ કરાવી બંધારણમાં ફેરફાર સાથે આર્થિક અનામત બિલ પાસ કરાવાયુ હતુ અને તે મુજબ હવે જે વર્ગોને અનામતનો લાભ નથી મળતો તેવા બિનઅનામત વર્ગોના આર્થિક રીતે નબળા ઉમેદવારોને ૧૦ ટકા અનામતની જોગવાઈ અમલમાં મુકી છે. જોકે આ જોગવાઈનો અમલ ગુજરાત સરકાર દ્વારા ભૂલ ભરેલી રીતે કરવામાં આવી રહ્યો હોવાનો આક્ષેપ સાથે ગાંધીનગરમાં મહિલા સમાન અધિકાર માટે લડત ચલાવતા અમૃત પેટલે મહિલા ઉમેદવારોને તાજેતરમાં લેવાયેલી પોલીસ ઈન્સ્પેક્ટરની તથા રાજ્ય વેરા ઈન્સ્પેક્ટર (એસટીઆઈ)માં અન્યાય થઈ રહ્યો હોવાથી રજૂઆત સાથે સેક્ટર-૧૨માં ઉમિયા મંદિર સામે એક દિવસના પ્રતિક ઉપવાસ કર્યા હતા.

સેક્ટર-૨-એમાં રહેતા અને નિવૃત ડીએફઓ અમૃત પટેલે જણાવ્યું હતું કે 'તાજેતરમાં તા. ૨૭મી સપ્ટેમ્બરના રોજ જાહેર કરાયેલી પોલીસ ઈન્સ્પેક્ટરની પસંદગી યાદીમાં જે મહિલા ઉમેદવારો જનરલ કેટેગરીમાં છે તેમને કટ ઓફ માર્કસ-૯૩.૭૧




આવ્યા છે જ્યારે જે મહિલા ઉમેદવાર તેમના કરતા આર્થિક રીતે નબળા છે અને ઈડબલ્યુએસ કેટેગરીમાં ઉમેદવારી કરી છે તેમનો કટ ઓફ ૧૧૯.૮૨ માર્કસ આવ્યાં છે જેના કારણે સબળા વર્ગના ઉમેદવારો ઓછા માર્કે પણ પસંદગી પામ્યાં છે જ્યારે નબળા વર્ગના ઉમેદવારો વધુ માર્ક મેળવવા છતાં પસંદગી પામ્યા નથી. હકીકતમાં નોકરીની વધુ જરૂર તેમને છે જેના માટે બિન અનામત આર્થિક પછાતની ૧૦ ટકાની જોગવાઈ કરવામાં આવી છે. આ પરિણામ મુજબ સંપન્ન થરતી દિકરી ગરીબ ઘરની દિકરી કરતા ૨૫ માર્ક ઓછા લાવી છે છતાં પસંદગી પામી છે, જે અન્યાયપૂર્ણ છે અને આ જોગવાઈની મૂળભૂત ધારણાથી વિરૂદ્ધ છે.' અમૃત પટેલના જણાવ્યા મુજબ 'ભારત સરકારે બહાર પાડેલા નોટીફિકેશનના મુદ્દા નં. ૭માં સ્પષ્ટ જણાવ્યુ છે કે જે ઉમેદવારોએ ઈડબ્લ્યુએસ કેટેગરીમાં ઉમેદવારી કરીહોય તેમના મેરિટ જો ઓપન કેટેગરીના ઉમેદવાર કરતા ઊંચા હોય તો તેમને ઓપન કેટેગરી મુજબ જ અનામતનો લાભ મળવાપાત્ર છે.' આ સાથે તેમણે ગુજરાત જાહેર સેવા આયોગ અને બિનઅનામત વર્ગના બોર્ડને પત્ર લખીને આ હકીકતની જાણ કરી છે તેમજ આ મુદ્દે તેઓ ફરી તા. ૪થી ઓક્ટોબરે એસજી હાઈવે પર સોલા ભાગવત ખાતે અને તા. ૬ઠ્ઠી ઓક્ટોબરે ઊંઝાના ઉમિયા મંદિરે પ્રતિક ઉપવાસ કરશે તેવુ જણાવ્યુ હતુ.